ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૯.૭ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૬ ટકા



# કાળઝાળ ગરમીમાં પોલીસભવનના દરવાજે તૈનાત જવાનો માટે એરકુલર

ગાંધીનગર, તા.૨૧

એક તરફ કોરોના વાયરસ સંક્રમણને ભીતિના પગલે લૉકડાઉનની સ્થિતિ ચાલી રહી છે બીજી તરફ પાટનગરમાં ઉનાળો તેના પગ જમાવી ચૂક્યો છે જેના કારણે ગરમીનો પારો સતત ઉંચકાઈ રહ્યો છે અને નાગરિકો વધતી જતી ગરમીથી સતત પરેશાન થઈ ગયા છે. બપોરના સમયે તો શહેરમાં પોલીસ તંત્ર કોઈ પ્રયાસ ના કરે તો પણ સર્વત્ર સ્વયંભૂ લૉકડાઉનની સ્થિતિ હોય તેઓ સુનકાર શહેરના માર્ગો પર આપોઆપ છવાઈ જાય છે. જો કે આટલી કાળઝાળ ગરમીમાં પણ લૉકડાઉનના ચુસ્ત અમલીકરણ માટે તૈનાત પોલીસ જવાનો ખૂબ જ નિષ્ઠાપૂર્વક તેમની કામગીરી બજાવી રહ્યા છે જ્યાં સામાન્ય નાગરિકો પોતાના ઘરમાં રહેવા છતાં પણ ગરમીથી ત્રસ્ત થઈ ડિહાઈડ્રેશન નો ભોગ બની રહ્યા છે ત્યારે તેવી સ્થિતિમાં પણ પોલીસ જવાનો ખડેપગે ભર તડકામાં સેવા બજાવી રહ્યાં છે. આ સ્થિતિમાં જવાનોની તબિયત ના બગડે તે હેતુસર તંત્ર દ્વારા પણ પગલા લેવામાં આવી રહ્યાં છે. ગાંધીનગર ખાતે સેકટર દસમાં આવેલા પોલીસ ભવનના દરવાજે સતત ચોકી પહેરો ભરતાં પોલીસના જવાનો માટે એર કુલરની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી છે જેથી કાળઝાળ ગરમીમાં તેમને રાહત મળી શકે અને વધુ સારી રીતે પોતાની ફરજ નિભાવી શકે.

## વાવોલની શાંતિવન એપાર્ટમેન્ટના રહીશોની ચા-કોફી સેવા



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના વાવોલ ખાતેની શાંતિવન એપાર્ટમેન્ટ સોસાયટીના રહીશો દ્વારા શહેરમાં વિવિધ સ્થળે લૉકડાઉનના અમલીકરણ માટે તૈનાત પોલીસ જવાનો, હોમગાર્ડ્ઝ જવાનો અને અન્ય સહયોગી સંસ્થાઓના જવાનોને ફરજ દરમ્યાન બોરિયત, થાક કે કંટાળાનો અનુભવ ના થાય તે હેતુસર ચા-કોફી વગેરેની સેવા પુરી પાડવામાં આવી હતી. શાંતિવન એપાર્ટમેન્ટના રહીશો દ્વારા બે ટીમ બનાવી આ સેવા પુરી પાડવામાં આવી હતી. જે અંતર્ગત એક ટીમે ગાંધીનગર વિસ્તારમાં વિવિધ ચાર રસ્તા સહિતના પોઈન્ટ પર તૈનાત જવાનોને અને બીજી ટીમ દ્વારા ન્યુ ગાંધીનગરના વિસ્તારો જેવા કે સરગાસણ ચાર રસ્તા, રિલાયન્સ ચોકડી, શાહપુર ચોકડી, કુડાસણ, રાયસણ વગેરે ખાતે સેવા પુરી પાડવામાં આવી હતી. શાંતિવન એપાર્ટમેન્ટના રહીશો દ્વારા સતત ૯ દિવસ સુધી રોજના ચાર લીટર દૂધની ચા અને બે લીટર દૂધની કોફી બનાવીને પુરી પાડવામાં આવી હતી.

## મીનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટ પરિવાર દ્વારા કરીયાણુ તથા શાકભાજીનું વિતરણ

મીનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટ પરિવાર દ્વારા ગાંધીનગર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ચાલતા ભોજન સેવા કેન્દ્રો પર જરુરીયાત મુજબનું કરીયાણુ તથા શાકભાજીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. પ્રથમ લોક ડાઉન શરૂ થતાંની સાથે ભોજન સેવા શરૂ કરનાર આયોજકોને રૂબરૂ મળી ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી નિશિતભાઈ વ્યાસ દ્વારા નિયમિત પણે કરિયાણું તેમજ શાકભાજી પુરુ પાડવામાં આવે છે. જે અંતર્ગત આજે સેકટર-૨૪ શ્રીનગર સોસાયટીના રહીશ રાજુ મિસ્ત્રી, પંચોલીભાઈ તથા સેવાભાવી મિત્રો દ્વારા ભુખ્યાને



ભોજનનું ભગીરથ કામનો યજ્ઞ કરવામાં આવ્યો હતો. આ યજ્ઞમાં સેવારૂપી આહૂતિ મીનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટના અધ્યક્ષ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી નિશિત વ્યાસ દ્વારા અર્પણ કરવામાં આવી હતી. તથા અહીં ગાંધીનગર મહાનગર પાલિકાના વિરોધપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, રાકેશ જાની, અંકિત બારોટ, ઈંદ્રજીતસિંહ ચૌહાણ, અશ્વીનસિંહ ટાપરીયા, વૈભવ જાની પણ જોડાયા હતા. આ ઉપરાંત ૨૪ અને ૨૫ મા અન્નદાન કરતા ભાઈ મેહુલ પટેલના સેવા કેન્દ્રમાં મીનાક્ષી પરિવાર દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો.

## લોકડાઉનમાં બહાર નીકળેલા ૫ નાગરીકો સામે જાહેરનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરની સેકટર-૨૨ સ્થિત શ્રેયસ સોસાયટીના ગાર્ડનના બાકડા પર બેઠેલા ત્રણ યુવકો સામે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે પેટ્રોલીંગ દરમિયાન બિન જરુરી રીતે બાકડા પર બેસીને ગપ્પા મારતા યુવકોને પકડી પાડયા હતા. જેમાં સેકટર-૨૨ નીલકંઠ પ્લાઝા ખાતે રહેતા ચિરાગ દિનેશભાઈ ભાવસાર (ઉં.૨૪), કૌશિક નારાયણભાઈ પ્રજાપતિ(ઉં.૨૩) તેમજ પાર્થ પરષોતમભાઈ રંગાડીયાનો સમાવેશ થાય છે. તો બીજી તરફ પોલીસે સેકટર-૩૦ સર્કલ નજીકથી આકાશ હરેશ વાદી અને સુશીલકુમાર જીયાલાલ વર્માને બિનજરુરી રીતે ફરતા પકડી પાડ્યા હતા. લોડાઉન દરમિયાન બિનજરુરી બહાર નીકળેલા પાંચેય નાગરીકો સામે પોલીસે જાહેરનામાં ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગર શહેરના રાજદીપ ગ્રુપ દ્વારા ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા વર્ગ - ૪ ના કર્મચારીઓને અનાજ અને શાકભાજી સાથેની કીટ આપવામાં આવી હતી. રાજદીપ ગ્રુપ દ્વારા અંદાજીત ૫૦૦ થી વધુ કીટનું વિતરણ કરાયું હતું. કોરોનાની મહામારી અને લોકડાઉનની પરિસ્થિતિ વચ્ચે રાજદીપ ગ્રુપ દ્વારા કીટ વિતરણ કરવામાં આવતા કર્મચારીઓના ચહેરા પર ખુશીની લહેર પ્રસરી ગઈ હતી. જયારે કીટમાં ઘઉંનો લોટ, તેલ, કઠોળ, દાળ, શાકભાજી સહિત જીવનજરુરી ચીજવસ્તુઓનો સમાવેશ કરાયો હતો.

## સસ્તા અનાજની દુકાન પરથી વિતરણ થતું અનાજ અને રોકડ સહાય જતી કરવા શહેર વસાહત મહામંડળની અપીલ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ એ એક સ્વૈચ્છિક સેવાભાવી અને બીનરાજકીય સંસ્થા છે અને તેના દ્વારા શહેર વસાહત મહામંડળના તમામ પદાધિકારીઓ સહિત નગરજનોને એક અપીલ દ્વારા સક્ષમ આર્થિક રીતે હોય તેમણે સસ્તા અનાજની દુકાન પરથી વિના મૂલ્યે અનાજ તથા રોકડ સહાય જતી કરવા અપીલ કરવામાં આવી છે.

મહામંડળ વતી સરકારની ઉદાર નિતિને સહકાર આપી જેમને જરુર નથી અને આર્થિક રીતે સક્ષમ લોકોએ જેમને જરુર છે અને આર્થિક રીતે મદદની જરુરત છે તેવા લોકો માટે પોતાનો હક્ક અને હિસ્સો જતો કરી સહાય કરવા અરૂણ બુચ, મયુર વ્યાસ, પ્રદિપ સોલંકી, સુધીર દેસાઈ, કાલુભાઈ દેસાઈ, કીશોર જીકાદરા, ભાનુભાઈ દવે, શશીકાંત મોઢા, બી.એ. શુકલ, એમ.સી. નાયક, દિનેશસિંહ ચાવડા, ઉદયસિંહ મકવાણા, કશ્યપ મહેતા, નિલેન્દુ વોરા, ભાનુભાઈ દવે અને અન્ય પદાધિકારીએ અપીલ કરી સરકારી સહાય સક્ષમ લોકોએ જતી કરી આપવા જરુરતમંદ ભાંડુઓને પહોંચાડવા સહાય કરવા અપીલ કરી છે.

મહામંડળ દ્વારા તા. ૪ અને ૫ એપ્રિલના રોજ સે-૨૦, ૩૦ અને સે-૪ પાછળની ઝુંપડપટ્ટીમાં બે કીલો ખીચડી અને કીલોચોખાનું પણ વિતરણ કરી જયાં સુધી સસ્તા અનાજની દુકાનેથી અનાજ મળતું થયું નહિ ત્યાં સુધી સહાય કરી ઉદાહરણીય કામ કરેલ. આમાં સંસ્થાના મુકસેવકો અને જયોતિ મહિલા મંડળ પણ જોડાયા હતા અને આ સેવા સતત આજદિન સુધી ચાલુ છે.

## પોલીસ ફરજ સાથે માનવ સેવા કરતા બે પોલીસ અધિકારી



ગાંધીનગર, તા.૨૧

કોરોના વાયરસની વૈશ્વિક મહામારીમાં રાજયના પોલીસ કર્મચારીઓ ખડેપગે સેવા બજાવી રહ્યા છે અને ફરજ નિષ્ઠાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડી રહ્યા છે. રાજયના પોલીસ વડા તેમજ પોલીસ અધિકારીગણ પણ કોરોના વાયરસ દરમિયાન પાલન કરવાના નિતિ-નિયમો જળવાઈ રહે તે માટે ખાસ તકેદારી લઈ રહ્યા છે. ગાંધીનગર જિલ્લા પોલીસવડાની કચેરીના પોલીસ અધિકારીઓ પોતાની નિભાવવાની થતી કામગીરી ઉપરાંત સંવેદનશીલતાપૂર્વક જરૂરીયાતમંદ નાગરીકોને રોંજીદા જીવનમાં જરુરી તમામ ચીજવસ્તુઓની કીટ બનાવી વિતરણ કરી રહ્યા છે. ડી.એસ.પી.કચેરી ખાતે ડીવાયએસપી તરીકે ફરજ બજાવતા એમ.જે.સોલંકી અને પીઆઈ દિપકભાઈ.જી. ટુંડીયા ફરજ દરમિયાન પેટ્રોલીંગ કરતા સમયે જીવન જરુરી ચીજવસ્તુઓની કીટ પોતાની ગાડીમાં રાખી રાખે છે. જયારે પોતાને નજરે પડતા જરુરીયાતોને કીટ વિતરણ કરે છે. ફરજ બાદ પણ સમય મળતા વિવિધ સ્થાનો પર જઈને ગરીબો તેમજ શ્રમિકોને કીટ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં રોંજીદા જીવનમાં જરુરી ચીજવસ્તુઓની ૧૦૦ થી વધુ કીટ, સલામતી માટે માસ્ક, સેનીટાઈઝર-૨૦૦ અને કોરોના નાસ્તાના ૪૦૦ થી વધુ પેકેટ વિતરણ કરીને પ્રેરણાદાયી કાર્યનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યુ છે. લોકડાઉનના કપરા સમયમાં ફરજની સાથે સાથે ખુબ જ ખંતથી અને નિસ્વાર્થ ભાવે સેવા કાર્ય કરી રહ્યા છે. પોલીસ અધિકારીઓના આ સેવા યજ્ઞને જિલ્લા પોલીસ વડા અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા પણ આ સેવા કાર્યને બિરદાવવામાં આવી રહ્યું છે.



કોરોનાની મહામારી વચ્ચે આવશ્યક ચીજવસ્તુઓનું વેચાણ થઈ રહ્યું છે. શાકભાજી અને અન્ય જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ લેવા માટે ભીડ ન થાય તે માટે ઠેર ઠેર પોલીસ મુકવામાં આવી છે. સેકટર-૨૪માં મહિલા પોલીસ દ્વારા શાકભાજીની લારીવાળાઓને સોશ્યલ ડીસ્ટન્સનું પાલન કરવા સમજાવાયા હતા. સાંજના સમયે શાકમાર્કેટમાં મહિલાઓની ભારે ભીડ થઈ જતી હોવાથી પોલીસે સતર્કતા દાખવી છે.




ઉનાળો ધીમે ધીમે જામી રહ્યો છે. કાળઝાળ ગરમી પડી રહી છે. ગરમ પવનોથી સૌ કોઈ હેરાન પરેશાન છે. જો કે હાલમાં લોકડાઉનના સમળાં મોટા ભાગે લોકો ઘરમાં જ હોઈ ગરમીથી વધુ પ્રભાવિત થતા નથી. પરંતુ જેમના માથે છાપરું નથી જેમને ઘર નથી તેઓ આ ગરમીમાં ખૂબ જ હેરાન પરેશાન થઈ રહ્યા છે. બસ સેવા હાલના સમયે બંધ હઈ બસ સ્ટેન્ડના છાંયડામાં આવા જરૂરીયાતમંદો આશરો લઈ રહ્યા છે અને ઘડીક ઠંડક મેળવી રહ્યા છે.

## લોકડાઉનના બંદોબસ્તમાં તૈનાત જવાનો માટે સેનેટાઇઝર-માસ્કનું દાન



ગાંધીનગર, તા. ૨૧

શહેરમાં લૉકડાઉનનો ચુસ્ત અમલ થાય તે માટે કાર્યરત પોલીસ સ્ટાફને સેનેટાઈઝર અને માસ્કની જરૂરીયાત હોવાની ગાંધીનગર સિવિલ ડીફેન્સ યુનિટના પોસ્ટ વૉર્ડન સિદ્ધાર્થસિંહ વાઘેલાને જાણ થતાં તેઓએ લાયઝન ઓફિસર જયેશ પરમારનો સંપર્ક કરી ગાંધીનગરના ડીએસપી મયુરસિંહ ચાવડાને ૨૫૦ સેનિટાઈઝર બોટલ અને ૧૫૦૦ માસ્ક પહોંચાડ્યા હતા. આ જથ્થાનો ઉપયોગ લૉકડાઉન બંદોબસ્તમાં કાર્યરત તમામ પોલિસ જવાનો, હોમગાર્ડ જવાનો આને સિવિલ ડિફેન્સના જવાનોને આપવા માટે કરવામાં આવશે. ડીએસપી મયુરસિંહ ચાવડાએ આ સેવા બદલ લાયઝન ઓફિસર જયેશ પરમાર, પોસ્ટ વોર્ડન સિદ્ધાર્થસિંહ વાઘેલા અને દાન આપનાર દાતા બ્રિજેશ બ્રહ્મભટ્ટનો દિલથી આભાર માન્યો હતો.



કોરોનાની મહામારી વચ્ચે જીવન જરુરીયાતની ચીજવસ્તુઓની આપૂર્તી માટે ઘણા લોકો મહેનત કરતાં નજરે પડે છે. નગરજનોને દરરોજ તાજી શાકભાજી મળે અને સાથે જ પોતાનો જીવનનિર્વાહ ચાલે તે માટે ગાંધીનગરના ઘણા શ્રમજીવી પરીવારો આકરી મહેનત કરે છે. હોલસેલમાં શાકભાજી ખરીદી વેચાણ માટે જતો આ લોડીંગ રીક્ષાચાલક મહામારીના સમયમાં પોતના જીવને પણ જોખમમાં મુકી રહ્યો છે.